# ગુજરાત જાહેર સેવા આયોગ

**શાખા:-આર-૧**

**જાહેરાત ક્રમાંક :- ૧૭/૨૦૧૪-૧૫, માર્ગ અને મકાન વિભાગ હસ્તકની નાયબ કાર્યપાલક ઇજનેર (વિદ્યુત), વર્ગ-૨ની** **કુલ-૦૭** જગ્યાના ઉમેદવારો પસંદ કરવા માટે On-line અરજીઓ **તા. ૦૯-૦૯-૨૦૧૪, ૧૩.૦૦ કલાક થી તા. ૨૪-૦૯-૨૦૧૪, ૧૩.૦૦** કલાક સુધીમાં માત્ર **ઓનલાઈન ઉમેદવારી કન્ફર્મ કરવા જણાવવામાં આવે છે.**

નોંધ :- આ જાહેરાતમાં અરજીપત્રક તથા આવશ્યક પ્રમાણપત્ર આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ મોકલવાના રહેશે.

જગ્યાનું નામઃ **નાયબ કાર્યપાલક ઇજનેર (વિદ્યુત), વર્ગ-૨ની કુલ-૦૭** (નીચે દર્શાવ્યા મુજબ)

| ક્રમ | કેટેગરી | કુલ સંખ્યા | કુલ જગ્યા પૈકી મહિલા માટે અનામત જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિન અનામત (સામાન્ય) | ૦૫ | ૦૧ |
| ૨ | સા.શૈ.પ.વર્ગ | ૦૧ | ૦૦ |
| ૩ | અનુ.જાતિ | ૦૦ | ૦૦ |
| ૪ | અનુ. જનજાતિ | ૦૧ | ૦૦ |

**નોંધ:-**(૧) ઉક્ત જગ્યાઓ પૈકી કોઇ જગ્યા શારીરિક અશક્તતા ધરાવતાં ઉમેદવારો માટે અનામત નથી.પરંતુ હલનચલનની અશક્તતા O.L.(One Leg affected) અથવા શ્રવણની અશક્તતા (HH) કે જેઓ ૪૦% કે તેથી વધુ પરંતુ ૭૫ % સુધીની અશક્તતા ધરાવતાં ઉમેદવારો અરજી કરી શકે છે, આ સિવાય અન્ય શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.(૨) અનામત કક્ષાના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત કક્ષા માટેના ધોરણો લાગુ પડશે.(૩) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદાવારને ફાળવી શકાશે.

**શૈક્ષણિક લાયકાત:-** (૧) ભારતમાં કેન્દ્ર અથવા રાજ્ય અધિનિયમ અન્વયે સ્થાપેલ અથવા સંલગ્ન હોય તેવી કોઇપણ યુનિવર્સિટીમાંથી અથવા યુનિવર્સિટી અનુદાન આયોગ અધિનિયમ-૧૯૫૬ની કલમ-૩ અન્વયે કોઇપણ માન્યતાપાત્ર શૈક્ષણિક સંસ્થા અથવા યુનિવર્સિટી તરીકે માન્ય જાહેર થઇ હોય તેવી સંસ્થામાંથી પ્રાપ્ત કરેલ વિદ્યુત ઇજનેરી(ઇલેક્ટ્રીકલ એન્જીનિયરીંગ)ની પ્રથમ વર્ગની પદવી ધરાવતા હોય અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય. (૨) ગુજરાતી અને/અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોય. (૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી ( સામાન્ય ) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે ના નિયમ-૮(૫) પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇશે.

**પગાર ધોરણ :- રૂ. ૯૩૦૦ – રૂ. ૩૪૮૦૦ + ગ્રેડ પે રૂ. ૫૪૦૦/-**

**ઉંમર :- ૩૦ વર્ષથી વધુ નહીં. ઉંમર અરજી સ્વીકારવા ની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.**

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

**૧. નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન,(બાંગ્લાદેશ) બર્મા (મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા,ઝાંબીયા,મલાવી,ઝૈર,ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ.પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

**૨. ભરેલા અરજીપત્રક:-**

(૦૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૦૨) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૦૩) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૦૪) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૦૫) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૦૬) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી,આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૦૭) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે..(દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

**૩. જન્મ તારીખ:-**

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ.પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ........... છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

**૪. વયમર્યાદા:-**

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબ ની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો (જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.) | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | બિન અનામત મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મહિલા ઉમેદવારો (જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.) | દસ વર્ષ (આ છૂટછાટમાં , મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૪ | માજી સૈનિકો. ઇ.સી.ઓ. એસ. એસ. સી.ઓ. સહિત ઉમેદવારો | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ(વધુમાં વધુ ૪૦ વર્ષની મર્યાદામાં) |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો (જોગવાઇ-૦૯ માં આપેલ વિગતને આધિન):- શારીરિક અશક્તતાવાળા ઉમેદવારો કે જેઓ હલનચલનની અશક્તતા O.L.(One Leg affected) અથવા શ્રવણની અશક્તતા H.I.( Hearing Hadicapped) કે જેઓ ૪0% કે તેથી વધુ પરંતુ ૭૫% સુધીની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો હોય તેઓને જ મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળવાપાત્ર રહેશે. આ સિવાય અન્ય શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી. | |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂંક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં (૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી,તબીબી,ખેતી વિષયક,પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂંક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા(Any such post)માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તેટલી છૂટછાટ મળશે. |

**<u>૫. શૈક્ષણિક લાયકાત:</u>-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**<u>૬. અનુભવ :-</u>**

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.અરજી કર્યા પછી અનુભવના નવા પ્રમાણપત્રો સ્વિકારવામાં આવશે નહી.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

**<u>૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:</u>-**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રક અને પરિશિષ્ટમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રક અને પરિશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ “ઉન્નત વર્ગમાં” નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક)(ગુજરાતીમાં) ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.આ પ્રમાણપત્ર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું હોવું

જોઇએ.પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે, જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે, આ પ્રમાણપત્ર તા.૦૧-૦૪-૧૩ થી તા.૩૧-૦૩-૧૪ના સમયગાળાની આવકને ધ્યાને લઇ, તા.૦૧-૦૪-૧૪થી અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવું જોઇએ. અરજી સાથે પરિશિષ્ટ(ક)ના બદલે Annexure -A (અંગ્રેજીમાં)રજું કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમકે Annexure-A ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ -ક) અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

**૮. માજી સૈનિક**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

**૯. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો**

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક માં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધું હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧)અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ(૨) શ્રવણની ખામી (૩) હલનચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય ,પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે.આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વિકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

**૧૦. મહિલા ઉમેદવાર**

મહિલાઓની અનામત જ્ગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**૧૧. વિધવા ઉમેદવાર**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

**૧૨. ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે.જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૧૩. ગેરલાયક ઉમેદવાર:-**

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૫. રજીસ્ટ્રેશન:-**

તબીબી/દંત વિજ્ઞાન /પશુ ચિકિત્સા /કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજુ કરવાની રહેશે અને અરજી સમયે રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૧૬. અગત્યની જોગવાઇઓ:-**

(૧) ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જ્યાં પ્રાથમિક કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નક્કી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ગણવામાં આવશે નહી.

(૨) જો આયોગ દ્વારા જગ્યાની સંખ્યા અને મળેલ અરજીઓની સંખ્યા ધ્યાને લેતા પ્રાથમિક કસોટી યોજવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તો,પ્રાથમિક કસોટીના ગુણ ફક્ત રૂબરૂ મુલાકાત માટે ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરવાના હેતુ માટે જ ધ્યાનમાં લેવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગીના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૩) પ્રાથમિક કસોટીમાં ૧૦% થી ઓછા ગુણ મેળવશે તો તેમને રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં આવશે નહી

(૪) જાહેરાતમાં ઠરાવેલ લઘુતમ લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને/ અથવા વધુ અનુભવ અને/ અથવા લાયકાતમાં ઊંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે..

**૧૭. રૂબરૂ મુલાકાત:-**

(૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સૂચનાઓ/ ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઇઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઇ નીચે મુજબ અનુસરવાનું રહેશે:-

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતા ની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૪) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

**૧૮. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

(૧) આયોગના ઓનલાઇન મુસદા મુજબ અરજી કરેલ ન હોય

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય.(૧૦) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૯) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૧) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ.માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૨) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો,મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય .

**૧૯ . નિમણૂક:-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે.આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત /અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે,તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

**૨૦. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્તકરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય ,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય ,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી , પુસ્તક , ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી , કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી , અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ પ્રયત્ન કર્યો હોય ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે , અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

(ડી.પી. જોષી)
સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

## **Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-**

**આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે.** ઉમેદવાર **તા: ૦૯-૦૯-૨૦૧૪, ૧૩.૦૦ કલાક થી તા. ૨૪-૦૯-૨૦૧૪, ૧૩.૦૦ કલાક,** સુધીમાં http://gpsc-ojas.guj.nic.in પર અરજી પત્રક ભરી શકશે. **ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.**

(૧) સૌ પ્રથમ http://gpsc-ojas.guj.nic.in પર જવું.

(૨) Apply On line Click કરવું.
આ પ્રમાણે click કરવાથી (1) More Details તથા (2) Apply Now બટન દેખાશે.
સૌપ્રથમ More Details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો. અને ત્યારબાદ Apply Now બટન ક્લિક કરવું.

(૩) Deputy Executive Engineer Electrical, Class-II ઉપર click કરવાથી જગ્યાની વિગતો મળશે

(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp.પર "click" કરી Details ભરવી.

(૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી. જે વધારાનો અનુભવ gpsc-ojas module માં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર gpsc-ojas માં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

(૯) તેની નીચે "Self-declaration" માં Yes / No પર click કરવું.

(૧૦) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે,આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. **એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.**

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો. અહીં, photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Formatમાં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Browse" Button ની બાજુમાં "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો

Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ. અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) **સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઇને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસ માં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તા.૨૪-૦૯-૨૦૧૪ સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.**

(૧૫) અનામત વર્ગના ઉમેદવારો (ફી માંથી મુકિત અપાયેલ ઉમેદવારો ) એ confirm થયેલ અરજીપત્રક પોતાની પાસે સાચવીને રાખવાનું રહેશે અને જ્યારે **આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.**

(૧૬) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ્દ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**અરજી ફી :**

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. **ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને** કોઇ પણ સંજોગોમાં **પ્રાથમિક કસોટી/રૂબરૂ મુલાકાત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી**.. આ ફી ફક્ત પોસ્ટ ઓફિસ દ્વારા જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં **આ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**

**ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યા ના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.**

**નોંધ : નાયબ કાર્યપાલક ઇજનેર (વિદ્યુત), વર્ગ-૨ ની જગ્યાના ભરતી નિયમો, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની નકલ, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસબોર્ડ અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે.**

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**R-1 BRANCH**

**The candidates holding the qualification mentioned below are requested to confirm their candidature for the posts of Deputy Executive Engineer (Electrical), Class-II (Road and Building Dept.), Advt. No. 17/2014-15 during Dt. 09-09-2014, 13-00 P.M. to Dt. 24-09-2014, 13-00 P.M.**

**Total No. of vacancy :-07 ( As Above)**

| No. | Category | Total vacancy | Out of total Post reserved for Women |
|---|---|---|---|
| 1 | GENERAL | 05 | 01 |
| 2 | S.E.B.C. | 01 | 00 |
| 3 | S.C. | 00 | 00 |
| 4 | S.T. | 01 | 00 |

**Note:-**

(1) Out of above mentioned post no post is reserved for Physically Handicapped person. But Those Candidates having H.H. (Hearing Handicapped) in moderate category (40% or above but not more than 75%) or O.L. (One leg affected) can apply. No any other physically handicapped person is eligible for application.

(2) The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(3) In case of non availability of Women candidates in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

**E.Q :- (1)** Possess a first class degree in Electrical Engineering obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized by the government.

(2) Possess adequate knowledge of Gujarati and/or Hindi. (3)Possess the basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Service Classificstion and Recruitment (General) Rules, 1967.

**PAY:- Rs.** 9300-34800 ( **Grade pay- Rs**. 5400)

**AGE:-** Not more than **30** years. Age will be calculated on the last date of the receipt of application.

**Note**: (1) The number of candidate to be called for Interview test shall be about three times of the number of vacancies.

(2) If the number of the candidates available for interview test is more than three times then Preliminary Test will be held.

(3) If the Commission decides to conduct the Preliminary Test considering the number of post and application received, the marks obtained by the candidate in the Preliminary Test shall be considered for shortlisting the candidates to be called for interview and such marks shall not be considered for final selection.

(4) As per the Instruction/Provision of the commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called For an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

(5) The candidates having qualification from foreign Uni. Should produce necessary documents/proof regarding the recognition/equivalence of their degree.

(6) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

**Upper Age limit shall be relaxed as under:**

| | | |
|---|---|---|
| 1 | S.C.,S.T.,S.E.B.C. Category | 05 Years |
| 2 | Women Candidates belonging to Unreserved category | 05 Years |
| 3 | Women Candidates belonging to reserved category | 10 Years (maximum up to 45 years.Including /Inclusive Five years relaxation for women) |
| 4 | Ex. Serviceman. Including E.C.O./S.S.C.O. | Length of Military Service plus three years,up to 40 years. |
| 5 | Physically Disabled :In the case of physically handicapped candidates, who has O.L.(One Leg affected) or H.H. (Hearing Handicapped, In moderate category maximum 40 % and above but not more than 75%;) shall be considered as suitable for applying in the advertisement, shall get 10 years relaxation in the age limit subject to his / her ability for age relaxation according to Govt.Rules. No relaxation is available to the candidates possessing other then the prescribed physical disabilities. . | |
| 6 | A candidate who is already in Gujarat Govt. service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the advertised post at the time of his first appointment. | (i) If experience is prescribed as one of the qualifications, the upper are limit shall not apply.<br>(ii) If experience is not prescribed as one of the qualifications and a Govt.servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or Agriculture degree or diploma and who applied for any such post,the upper age limit shall not apply.<br>(iii) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, whichever is less. |

(D.P. Joshi)
Joint Secretary
Gujarat Public Service Commission

# અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી

**જાહેરાત ક્રમાંકઃ- ૧૭/૨૦૧૪-૧૫**

**જગ્યાનું નામઃ- નાયબ કાર્યપાલક ઇજનેર (વિદ્યુત), વર્ગ-૨ (માર્ગ અને મકાન વિભાગ)**

**( આ યાદી ફકત ઉમેદવારોને મદદરૂપ થવા માટે છે. અર્થઘટનના પ્રસંગે જાહેરાતની જોગવાઇ તથા પરીક્ષા નિયમોની જોગવાઇ ધ્યાને લેવાની રહેશે.)**

| | |
|---|---|
| ૦૧ | એક જાહેરાત માટે એક અરજી કરવી. |
| ૦૨ | એસ.સી.સી.બોર્ડના પ્રમાણપત્રની નકલ કે જેમાં જન્મતારીખ દર્શાવેલ હોય (શાળા છોડયાના S.L.C. પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.) |
| ૦૩ | ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ. |
| ૦૪ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, અનુ.જાતિ, અનુ.જનજાતિ વર્ગ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ. |
| ૦૫ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવાર જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૦૧-૦૪-૨૦૧૪ થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ થયેલ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર પરિશિષ્ટ નમુના “ ક ” મુજબ ગુજરાતીમાં આવતુ પ્રમાણપત્ર બીડવું. અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure-A માન્ય નથી. |
| ૦૬ | શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવાર માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ તબીબી પ્રમાણપત્રની નકલ. (સા.વ.વિ.ના તાઃ૧-૧૨-૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ). |
| ૦૭ | શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિધાશાખાના સ્નાતક / અનુસ્નાતક પદવીના અંતિમ વર્ષનું ગુણપત્રક / પદવી પ્રમાણપત્રની નકલ |
| ૦૮ | સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ ( જેમાં સંસ્થા ના લેટરપેડ ઉપર (૧) ધારણ કરેલ જગ્યા (૨) અનુભવનો સમયગાળો (૩) અનુભવનો પ્રકાર (૪) મેળવવામાં આવતા પગાર અને ભથ્થાઓની વિગત દર્શાવેલ હોય ) જો લાગુ પડતું હોય તે |
| ૦૯ | સરકારી કર્મચારીના કિસ્સામાં રૂબરૂ મુલાકાતના સમયે સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ ‘ના-વાંધા પ્રમાણપત્ર’ની નકલ અચૂક રજૂ કરવાની રહેશે, અન્યથા રૂબરૂ મુલાકાતમાં પ્રવેશ મળશે નહીં. ( (સામાન્ય વહીવટ વિભાગના તાઃ ૦૮-૧૧-૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમૂના મુજબ) |
| ૧૦ | વિધવા ઉમેદવારના કિસ્સામાં બીજા લગ્ન કરેલ નથી તેવું સોગંદનામું. |

**આ તબકકે ઉમેદવારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે અનુભવે એમ જણાય છે કે, અરજીપત્રક સાથે બિડવાના બિડાણો / પ્રમાણપત્રો વગેરે અંગે પૂરતી કાળજી ઉમેદવારો દ્વારા લેવામાં આવતી હોતી નથી. ઉમેદવારોને જણાવવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કોઇક પ્રમાણપત્રો બિડવાના રહી જતાં હોય છે, કે પ્રમાણપત્રો જાહેરાતમાં આપેલી સૂચના મુજબના હોતા નથી. આવા પ્રસંગોએ આયોગે તેઓની અરજી રદ કરવી પડે છે. આ પ્રકારની બાબત આપના કેસમાં ન બને તે માટે અરજી, આયોગમાં રજુ કરતાં પહેલાં આ અંગે પૂરતી કાળજી રાખી, ચકાસણી કરીને જ, તે અરજી સાથે આપના તરફથી રજુ કરવામાં આવે તે જોવા જણાવવામાં આવે છે.**

## <u>પરિશિષ્ટ-ક</u>

રાજ્ય સરકારની નોકરીમાં / ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રજૂ કરવાના પ્રમાણપત્રનો નમૂનો........

.................................................................................................................................................

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ............................................ જીલ્લાના ................................................ તાલુકાના.................................................................ગામના શ્રી / કુ. .....................................ના પુત્ર/પુત્રી.................................. જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧-૪-૭૮ના ઠરાવ નંબર-બકર/૧૦૭૯/૧૩૭૩૪/ક. તેમજ ત્યાર બાદના વખતો વખતના સુધારા/વધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી ...................................................... અને / અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજ્યના .................................................. જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તે/તેણીનો ગુજરાત સરકાર ના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૧-૧૧-૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક : સશય-૧૧૯૪-૧૦૯-અ સાથેના પરિશિષ્ટ થી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો (ક્રિમિલેયર) ની વ્યક્તિ / જૂથમાં સમાવેશ થતો નથી.

તારીખ : ....................................

( સીલ ) સક્ષમ અધિકારીની સહિ,

હોદ્દો :

---

<u>નોંધ</u> :

ક) ઉપર દર્શાવેલ "સામાન્ય રીતે" શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ્સ એક્ટ, ૧૯૫૦) ની કલમ-૨૦માં જણાવ્યા મુજબનો જ રહેશે.

ખ) આવાં જાતિ પ્રમાણપત્રો રાજ્ય સરકારના રાજ્યપત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવે તે કિસ્સાઓમાં આવા પ્રમાણપત્રો આ જ નમુનામાં પરંતુ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિસહીવાળા હોવા જોઈએ. (રાજ્ય પત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા અને જિલ્લા મેજીસ્ટ્રેટ / સક્ષમ અધિકારી દ્વારા ખરાઈ કરવામાં આવેલા (એટેસ્ટેડ) પ્રમાણપત્રો પૂરતાં ગણવામાં આવશે નહિ.)

ના- વાંધા પ્રમાણપત્રનો નમૂનો

ક્રમાંક: તા.-

સા.વ.વિ.ના તા: ૮-૧૧-૮૯ ના પરિપત્ર ક્રમાંક: એફઓ-એ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ પ્રમાણપત્ર

<u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ........................................................ આ ખાતામાં તા...................... થી સતત જગ્યા પર કામ કરે છે.

જગ્યાનું નામ..........................................................................................................

૨. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂંક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂંક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી / કાયમી રીતે કરવામાં આવી છે.

3. જગ્યાનું નામ : ........................................................................ (વર્ગ-...........) જે જગ્યા માટે શ્રી / શ્રીમતી ................................................................................................ એ અરજી કરી છે તે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

( )

હોદ્દો

ખાતાના વડા

સ્થળ :

તારીખ :

પ્રતિ,

શ્રી..................................................

..........................................................

..........................................................

નકલ રવાના :-